# ચણાના ભાવ મજબૂત, ટેકાના ભાવથી થોડા ઉપર રહેવાની સંભાવના

વિશ્વના લગભગ ૫૦ જેટલા દેશોમાં ચણાનું મોટા પ્રમાણમાં વાવેતર થાય છે. ભારત વિશ્વના ઉત્પાદનમાં લગભગ ૭૦ ટકા યોગદાન આપતો સૌથી મોટો ચણા ઉત્પાદક દેશ છે. ચણામાં પ્રોટીનનું પ્રમાણ ખુબજ વધારે હોઈ છે જેથી તે અનાજ આધારિત ખોરાક તરીકેની ગરજ સારે છે.  જો કે, ભારતના બહોળા વિસ્તારમાં ચણાનું વાવેતર થતું હોવા છતા વરસાદની અનિયમિતતા, પ્રતિકૂળ હવામાન અને રોગના ઉપદ્રવ, વગેરે ને કારણે દેશમાં ચણાના ઉત્પાદનમાં વધ–ઘટ જોવા મળે છે. ચાલું વર્ષ ૨૦૨૩–૨૪ માં ચણાનો વાવેતર વિસ્તાર ઘટીને ૧૦૪.૭૪ લાખ હેક્ટર થયેલ છે, જે ગયા વર્ષે ૧૦૭.૯૦ લાખ હેક્ટર થયેલ, અને ઉત્પાદન પણ થોડું ઘટીને ૧૨૧.૬૧ લાખ ટન જેટલું થશે (બીજો આગોતરો અંદાજ તા. ૨૯–૦૨–૨૦૨૪), જે ગયા વર્ષે ૧૨૨.૬૭ ટન જેટલું હતું.

ચાલું વર્ષે ગુજરાતમાં ચણાનું વાવેતર અંદાજે ૬.૯૬ લાખ હેક્ટર જેટલું થયેલ છે, જે ગયા વર્ષે ૭.૬૪ લાખ હેક્ટર થયેલ હતું, અને ઉત્પાદન ગયા વર્ષ કરતા થોડું વધારે ૧૩.૨૩ લાખ ટન (બીજો આગોતરો અંદાજ તા. ૧૭–૦૧–૨૦૨૪) જેટલું થશે, જે ગયા વર્ષે ૧૨.૯૮ લાખ ટન જેટલું થયેલ.

દેશમાં  ચાલું વર્ષે કઠોળનું ઉત્પાદન ૨૩૪.૪૨ લાખ ટન (+ ૨૦ લાખ ટન ઉનાળું) થવાનો અંદાજ છે, જે ગયા વર્ષે ૨૬૦.૫૮ લાખ ટન હતું. જે દેશની કુલ કઠોળ વપરાશ અંદાજે ૨૫૫ લાખ ટન કરતા થોડું ઓછું છે.

દેશમાં સને ૨૦૨૧–૨૨ માં ૨.૦૨ લાખ ટન ચણાની આયાત થયેલ હતી, જે ઘટીને ૨૦૨૨–૨૩ માં ૦.૬૩ લાખ ટન થયેલ છે, તેમજ ૩.૫૫ લાખ ટન ચણા સહિત કુલ ૭.૬૩ લાખ ટન કઠોળની નિકાસ થયેલ છે. ચાલું વર્ષે કુલ કઠોળની આયાત લગભગ ૩૦ લાખ ટન જેટલી થશે, જે વર્ષ ૨૦૨૨–૨૩ માં ૨૫ લાખ ટન જેટલી હતી. આથી, ચણાનો ભાવ સપ્ટેમ્બર, ૨૦૨૨ માં ગુજરાતની વિવિધ બજારોમાં મણના રૂા. ૮૫૦ જેટલો હતો, જે સતત વધીને માર્ચ, ૨૦૨૩ માં મણના રૂા. ૯૫૦ થયા અને જુલાઈ, ૨૦૨૩ સુધી આ સ્તરની આજુબાજુ સ્થિર રહ્યા.ત્યારબાદ તે સતત વધીને ડીસેમ્બર, ૨૦૨૩ માં મણના રૂા. ૧૦૮૦ થયા અને હાલ ફેબ્રુઆરી, ૨૦૨૪ માં મણદીઠ રૂા. ૧૧૨૦ જેટલા પ્રવર્તમાન છે.જે આ સ્તરથી થોડા ઉપર જવાની સંભાવના છે. ભારત સરકારશ્રી એ સને ૨૦૨૩–૨૪ની રવિ ઋતુ માટે ચણાના ટેકાના ભાવ મણના રૂા. ૧૦૮૮ (ક્વિન્ટલદીઠ રૂા. ૫૪૪૦) નક્કી કરેલ છે, જે ગયા વર્ષે રૂા. ૧૦૬૭ હતો. સને ૨૦૨૨–૨૩ માં નાફેડ દ્વારા દેશમાંથી ટેકાના ભાવે કુલ ૨૨.૨૬ લાખ ટન ચણાની ખરીદી કરવામાં આવી હતી, જે પૈકી ગુજરાતમાંથી ૩.૨૭ લાખ ટન જેટલી ચણાની ખરીદી કરવામાં આવી હતી (જે કુલ ઉત્પાદનના આશરે  ૨૫ ટકા જેટલી થયેલ).

ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઈ, કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢની સંશોધન ટીમે દાહોદ માર્કેટિંગ યાર્ડનાં ચણાનાં ઐતિહાસિક માસિક ભાવનું વિશ્લેષણ કરેલ છે. જેના તારણ મુજબ એવું અનુમાન છે, **કે ચણા નો ભાવ માર્ચ થી એપ્રિલ, ૨૦૨૪ દરમ્યાન મણનાં રૂા. ૧૧૦૦ થી ૧૨૦૦ (ક્વિન્ટલદીઠ રૂા. ૫૫૦૦ – ૬૦૦૦) જેટલા રહેવાની સંભાવના છે.** જેથી ઉપરોક્ત બાબતો અંગેની નોંધ લઈ ચણાનો સંગ્રહ કરવા અને એપ્રિલ, ૨૦૨૪ પછી વેચાણ કરવા, ખેડૂતભાઈઓ પોતાની રીતે નિર્ણય કરી શકે છે.

જો સરકારની કઠોળના જથ્થાના આયાત પરના નિયંત્રણની નીતિ ચાલું રાખવામાં આવશે, તો કાપણીની મોસમ પછી ભાવમાં થોડો વધારો થવાની સંભાવના છે.